જન્મદિને વધામણી

રામભાઈ વી ચૌહાણ
નિવૃત્ત તાલુકા વિકાસ અધિકારી
મો. ૯૯૯૮૮ ૮૦૨૩૫

નિમિષા અજિતકુમાર ડાભી
મો. ૯૪૨૬૭ ૬૯૫૮૮

ક્રિશ દિપકભાઈ વાઘેલા
મો. ૯૭૩૭૧ ૯૨૮૪૧

શૌર્ય ધીરજ પ્રજાપતિ
મો. ૯૯૨૫૨ ૧૨૧૦૪

આરવ મનીષ વાઘેલા
મો. ૯૯૨૪૫ ૯૯૧૯૮

પ્રતાપસિંહજી સોલંકી
(રામનવમી વિક્રમ સંવત - ૨૦૦૪)
મો. ૯૦૫૪૦ ૭૯૫૧૬

યુવા ક્રિકેટર્સ માટે ટૅલેન્ટ દર્શાવવાની સુવર્ણ તક

ગાંધીનગર જિલ્લા ક્રિકેટ ઍસોસિએશન દ્વારા 'યુવા પ્રતિભા શોધ' અભિયાનનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા ક્રિકેટ ઍસોસિએશન દ્વારા આજથી 'યુવા પ્રતિભા શોધ' અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લા ક્રિકેટ ઍસોસિએશનના પ્રમુખ મેહુલ પટેલે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે ગુજરાત ક્રિકેટ ઍસોસિએશન સાથે મળીને આ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તારીખ ૧ મેના રોજ યોજાનારી યુવા પ્રતિભા શોધમાં ગુજરાત ક્રિકેટ ઍસોસિએશનના કોચ ઉપસ્થિત રહેશે અને ખેલાડીઓની પ્રતિભાની ચકાસણી કરશે. જે યુવા ક્રિકેટર્સને ટૅનિસ બૉલથી સારી રીતે ક્રિકેટ રમી શકે છે, પરંતુ તેઓને પોતાની પ્રતિભા દેખાડવાનું પ્લૅટફોર્મ નથી મળતું તેમના માટે આ સુવર્ણ તક બની રહેશે. યુવા પ્રતિભા શોધ અભિયાનમાં ૧૬થી ૨૩ વર્ષની વયના શહેરી કે ગ્રામ્ય વિસ્તારમાં વસતા ક્રિકેટર્સ ભાગ લઈ શકશે. આ માટે રજિસ્ટ્રેશન કરાવવું આવશ્યક છે. રજિસ્ટ્રેશન તા. ૨૦થી ૨૪ એપ્રિલ દરમ્યાન સવારે ૭થી ૧૦માં ક્રિકેટ ગ્રાઉન્ડ, સચિવાલય જીમખાના, સૅક્ટર-૨૧, ગાંધીનગર ખાતે કરવામાં આવશે, એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

આજથી લાયરીડ્સ ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો નિહાળી શકાશે

વહેલી પરોઢે શનિવાર સુધી જોઈ શકાશે : ૨૧મીએ સૌથી વધુ જોવા મળશે

ગાંધીનગર, તા. ૧૯

દુનિયાભરમાં લોકોએ જાન્યુઆરી માસમાં ક્વોડરેન્ટીડસ ઉલ્કાવર્ષાનો નજારો નિહાળ્યો હતો. એના ૧૦૫ દિવસના વિરામબાદ બુધવારથી ફરી ઉલ્કાવર્ષાનો આરંભ થઈ રહ્યો છે. તા. ૨૦થી ૨૩ એપ્રિલદ રમ્યાન દુનિયાભરમાં લાયરીડસ ઉલ્કાવર્ષાનો નજારો નિહાળી શકાશે.

તા. ૨૧ના રોજ સૌથી વધુ ઉલ્કાઓ જોવા મળી શકશે, એટલી હદે કે અવકાશમાં ઉલ્કાનો વરસાદ થતો હોય એવાં દશ્યો માણી શકાશે. આ ઉલ્કાવર્ષાને નિર્જન, અંધકાર-ભર્યા સ્થળેથી નરી આંખે સ્પષ્ટ જોઈ શકાય છે. ઉલ્લેખનીય છે કે ઉલ્કાવર્ષા વર્ષ દરમ્યાન ૧૦થી ૧૨ વખત અવકાશમાં જોવા મળે છે.

ઉલ્કાવર્ષા પાછળ ધૂમકેતુ જવાબદાર છે. સૌરમંડળમાં એવા ધૂમકેતુ પણ છે જે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષામાં આવી જાય છે. આ ધૂમકેતુનું સતત વિસર્જન થતું હોય છે, બીજા શબ્દોમાં કહીએ તો દરેક ધૂમકેતુ વિસર્જીત પદાર્થોનો શેરડો પોતાની પાછળ છોડતો જાય છે. જ્યારે પૃથ્વી આ વિસર્જિત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે ત્યારે આ ટૂકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે અને વાતાવરણમાં રહેલા વાયુઓ સાથે ઘર્ષના કારણે તે સળગી ઊઠે છે અને તેજ લિસોટા સ્વરૂપે અવકાશમાં જોવા મળે છે, જેને આપણે ઉલ્કાવર્ષા તરીકે ઓળખીએ છીએ. મધ્યરાત્રિ બાદ વહેલી પરોઢનો સમય આ ઉલ્કાઓ જોવા માટે શ્રેષ્ઠ સમય છે.

મેડિકલ-પેરા મેડિકલ માટે ઓનલાઈન એડમિશન

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાતમાં પહેલી વખત મેડિકલ અને પેરા મેડિકલમાં પ્રવેશ માટે ઓનલાઈન એડમિશન કરવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. છેલ્લા કેટલાય વર્ષોથી મેડિકલ-પેરા મેડિકલમાં પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન થશે તેવી અટકળો વહેતી થઈ હતી. પરંતુ સત્તાવાર રીતે મેડિકલ પ્રવેશ પ્રક્રિયામાં ઓનલાઈન પ્રવેશ શકય ન હોવાની જાહેરાત કરવામાં આવતી હતી. અલબત્ત, ગુજરાત રાજ્યમાં હવે પ્રથમ વખત મેડિકલમાં પણ ઓનલાઈન પ્રવેશ શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે અને એ માટેની તમામ પ્રક્રિયાઓ પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં આ અંગેની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે એવા સમાચાર પ્રાપ્ત થયા છે.

ડિગ્રી એન્જિનિયરિંગમાં છેલ્લા કેટલાય વર્ષોથી ઓનાલઈન એડમીશન પ્રક્રિયા કરતી નેશનલ એજન્સી સાથે મેડિકલ પ્રવેશ સમિતિએ હાલ વાટાઘાટો શરૂ કરી છે. આ એજન્સી દ્વારા જો મેડિકલ-પેરા મેડિકલના પ્રવેશ માટેની તૈયારી અને સમય આપવાની તૈયારી દર્શાવવામાં આવશે તો આગામી દિવસોમાં સરકાર દ્વારા ઓનલાઈન એડમીશનની જાહેરાત કરવામાં આવશે.

ડૉ. પ્રશાંત મેરજાની પુણ્યતિથિ નિમિત્તે

ઍચઆઈવીગ્રસ્ત બાળકોના ચહેરા પર મુસ્કાન લાવવાનો સ્તુત્ય પ્રયાસ કરાયો

૪થી ૧૨ વર્ષની વય સુધીનાં આ બાળકોને 'જંગલબૂક' ફિલ્મ થિયેટરમાં લઈ જઈને બતાવવામાં આવી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના સૅક્ટર-૧૯માં કાર્યરત ગુજરાત સ્ટેટ નેટવર્ક પીપલ લિવિંગ વિથ ઍચઆઈવી પોઝીટીવ સંસ્થામાં આશ્રયરત ૪૭ જેટલાં બાળકોના ચહેરા પર મુસ્કાન લાવવા માટેનો અનોખો પ્રયાસ મેરજા પરિવાર દ્વારા ડૉ. પ્રશાંત મેરજાની ૮મી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે કરવામાં આવ્યો હતો. ૪થી ૧૨ વર્ષની વય સુધીનાં આ બાળકોને 'જંગલબૂક' ફિલ્મ થિયેટરમાં લઈ જઈને બતાવવામાં આવી હતી. આ થ્રીડી ફિલ્મ નિહાળીને બાળકોએ ભારે રોમાંચ અને આનંદ પ્રાપ્ત કર્યો હતો. આ ઉપરાંત, બાળકોની સાથે પાંચ કલાક જેટલો સમય ગાળીને રિન્કુ મેરજા, સન્ની મેરજાએ તેમની દિનચર્યા તથા સમસ્યાઓ જાણવાનો પ્રયાસ કર્યો હતો. આ બાળકોના વિવિધ પ્રશ્નોના ઉત્તરો પાઠવીને, તેમની સાથે સંવાદ સાધીને ડૉ. પ્રશાંત મેરજાને સાચી શ્રદ્ધાંજલિ અર્પવાનો પ્રયાસ કર્યો હતો.

ગુજરાતમાં અપોલો હોસ્પિટલ્સ નવા વિસ્તરણની દિશા તરફ

"ગુજરાતમાં હેલ્થ માર્કેટ ખૂબ ઝડપથી વિકસી રહ્યું છે અને અમે અપોલો ખાતે તેની સાથે તાલ મિલાવવા સજ્જ છીએ : જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર

ગાંધીનગર, તા. ૧૯

જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર, સંગીતા રેડ્ડીએ આજે એક પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું, 'અમારા માટે અપોલો ખાતે ગૌરવની ક્ષણ છે કે અમે નોલેજ ગ્રાફમાં ગૂગલ્સના નવા હેલ્થ કાર્ડ્સ લોન્ચ કરીને એક વધુ સિમાચિહ્ન સ્થાપી રહ્યાં છીએ.' ગૂગલ્સ હેલ્થ કાર્ડ્સ એ જેમને જરૂર છે એવા લોકો માટે ઓથેન્ટિક માહિતી મેળવવાનો એક નવો માર્ગ છે, આ એક પરફેક્ટ નોલેજ શેરિંગ પ્લેટફોર્મ છે. હવે જ્યારે પણ કોઈ મેડિકલ ટર્મીનોલોજી/રોગનું નામ ગૂગલમાં ટાઈપ કરવાથી તે અપોલો હોસ્પિટલ્સ તરફથી જ પ્રાપ્ત થઈ શકશે.

સંગીતા રેડ્ડી અપોલો હોસ્પિટલ્સના પ્રારંભથી તેમાં સામેલ રહ્યાં છે અને તેઓ ૧૯૮૩માં મેનેજમેન્ટ ટ્રેઈની તરીકે ગ્રૂપમાં ઔપચારીક રીતે જોડાયા હતા. બે વર્ષ બાદ અપોલો હોસ્પિટલ્સ ગ્રૂપના ચેરમેન તથા તેમના પિતા ડો. પ્રતાપ રેડ્ડીના એક્ઝિક્યુટીવ આસિસ્ટન્ટની ભૂમિકા મળી હતી. સંગીતા અપોલોના સંશોધન, ઈનોવેશન અને હેલ્થકેરના કામકાજમાં સમગ્રપણે સક્રિયતાથી સામેલ રહે છે. તેઓ ગ્રૂપના એજ્યુકેશન વર્ટીકલ અપોલો નોલેજના ચેરપર્સન પણ છે. જોઈન્ટ મેનેજીંગ ડિરેક્ટર કુ. સંગીતાએ કહ્યું હતું, 'ગુજરાતમાં હેલ્થકેર માર્કેટ ખૂબ ઝડપથી વિકસી રહ્યું છે અને અપોલો ખાતે અમે તેની સાથે તાલ મિલાવવા માટે સજ્જ છીએ.' તેઓએ અપોલો હોસ્પિટલ્સના કોમ્પ્રિહેન્સિવ બ્લડ એન્ડ કેન્સર સેન્ટર સાથેના જોઈન્ટ વેન્ચર 'અપોલો સીબીસીસી' અંગે પણ વાત કરી હતી. આ ઉપરાંત અન્ય નવા સાહસ 'અપોલો-હાર્ટ સેન્ટર' શહેરની મધ્યમાં આવેલા કાર્ડિયો વાસ્ક્યુલર હાર્ટફાઉન્ડેશન સાથેજોઈન્ટ વેન્ચર અંગે પણ જાણકારી આપી હતી.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
ફૅન
૬.૧૫, ૯.૩૦

સ્ક્રીન-૨
ફૅન
૧૨.૩૦, ૩.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

સ્ક્રીન-૩
ફૅન
૨.૩૦, ૧૦.૧૫

સ્ક્રીન-૩
જંગલ બૂક (ડી હિન્દી)
૧૨.૧૫, ૮.૦૦
જંગલ બૂક (ડી અંગ્રેજી)
૫.૪૫

સ્ક્રીન-૪
કિ ઍન્ડ કા
૭.૦૦
ફૅન
૧૦.૦૦, ૧.૧૫, ૪.૧૫, ૯.૧૫

સ્ક્રીન-૫
ફૅન
૧૧.૦૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

સ્ક્રીન-૬
ફૅન
૮.૦૦
કિ ઍન્ડ કા
સવારે ૧૦.૦૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

ઈચ્છા : મદદ કરનારની કે મદદ લેનારની ?

મારા એક મિત્ર પોતાના બે-ત્રણ મિત્રો સાથે એક સાદી રેસ્ટોરન્ટમાં નાસ્તો કરી રહ્યા હતા. રેસ્ટોરન્ટ એકદમ દેશી - ગાંઠિયા,જલેબી,ફરસાણ, મીઠાઈ અને ચા વેચતી ઈરાની હોટલ જેવી હતી. મિત્રો બાંકડા અને ટેબલ ઉપર બેસી ગરમાગરમ ગાંઠિયા ને જલેબી ની મોજ માણી રહ્યા હતા. તે દરમ્યાન મારા મિત્રની નજર રેસ્ટોરન્ની બહાર, પગથિયા પાસે ઉભેલી એક આધેડ વ્યક્તિ ઉપર પડી. બહાર ઉભેલી વ્યક્તિએ આંખ અને હાથના ઈશારાથી કંઈક માંગ્યુ. મિત્રએ નજર ફેરવી લીધી. થોડીવાર પછી મિત્રમંડળે નાસ્તો પૂરો કર્યો અને પૈસા ચૂકવવા કાઉન્ટર ઉપર આવ્યા.

રેસ્ટોરન્ટનાં પગથીયે પેલી વ્યક્તિ હજી પણ ઊભી હતી. આધેડ વય, વધી ગયેલી દાઢી, જીથરા જેવા બાલ, મેલા-ઘેલા, જરી-પુરાણા કપડાં, અને શરીરમાંથી આવતી દુર્ગંધ. પેલી વ્યક્તિએ ફરી પાછો મારા મિત્રને ઈશારો કરી કહ્યું કે 'કંઈક ખાવું છે. ખવડાવો તો તમારી મહેરબાની'. મિત્રએ પોતાના બિલની રકમ ઉપરાંત થોડા વધુ રૂપિયા આપી કાઉન્ટર ઉપર કહ્યું કે આ વ્યક્તિને પણ ગાંઠિયા ખવડાવી દો. કાઉન્ટર ઉપર બેઠેલી વ્યક્તિ મૂછમાં હસી. પેલી આધેડ વ્યક્તિએ નકારમાં માથું ધૂણાવીને કહ્યું 'અંહ , ગાંઠિયા નહીં, ખવડાવવા હોય તો પેંડા ખવડાવો.' મિત્ર કડકાઈથી બોલ્યા, ' અમે પણ ગાંઠિયા જ ખાધા છે, ખાવા હોય તો ખાઈ લે નહિતર પૈસા લઈ લઉં હું પરત.'

પેલી વ્યક્તિ પગથિયે બેઠક જમાવીને નિષ્ફિકરાઈથી બોલી 'તમે પુણ્ય કમાવા માટે મને ખવડાવો છો. મારે પેંડા ખાવા છે. ગાંઠિયા નહિ. તમે મને પરાણે ગાંઠિયા ખવડાવશો તો તમને ખવડાવવાનું પુણ્ય નહિ મળે. તમે ગાંઠિયા ખવડાવો કે પેંડા, તમને શું ફર્ક પડે છે ? તો પછી પેંડા જ ખવડાવીને તમારું પુણ્ય અંકે કરી લ્યો ને.' મિત્રવર્તુળ સ્તબ્ધ થઈ ગયું.

મદદ કરવી એ માણસનો પ્રકૃતિદત સ્વભાવ છે. મદદ કરવાથી વ્યક્તિને આત્મસંતોષ મળે છે. જે સમાજમાં પોતે જન્મ લીધો છે, જે સમાજમાંથી વ્યક્તિએ પોતાના જીવનનું ભાથું મેળવ્યું છે, જે સમાજનો પોતે ઋણી છે, એ સમાજને કંઈક પરત આપવાના હેતુથી વ્યક્તિ મદદ કરવા પ્રેરાતી હોય છે. પોતાની ક્ષમતા મુજબ દરેક

વ્યક્તિની કોઈને મદદ કરવાની ભાવના હોય છે. મદદ કરવાની આ ભાવનામાં પાપ-પુણ્યની ગણતરી બહુ ઓછા લોકો કરતા હોય છે.

કોઈપણ વ્યક્તિ જ્યારે બીજા કોઈને મદદ કરે છે ત્યારે શું પાપ-પુણ્યને ધ્યાનમાં રાખીને અથવા તો કહો કે પાપ ધોવા માટે કે પુણ્ય કમાવા માટે જ મદદ કરે છે ? ના, કદાચ હંમેશા આવું બનતું નથી. કોઈપણ વ્યક્તિ, સમૂહ કે સંસ્થાને કોઈપણ પ્રકારની મદદ કરવા પાછળના હજાર કારણો હોઈ શકે. સમય અને સંજોગો પ્રમાણે કારણો પણ અલગ-અલગ હોઈ શકે. કોઈપણ વ્યક્તિની મદદ કરવાની ભાવનાને માત્ર પાપ-પુણ્યનાં ત્રાજવે જ હંમેશા ના તોલી શકાય.

વ્યક્તિ જ્યારે અન્યને મદદ કરવા માટે હાથ લંબાવે છે ત્યારે મદદ કરનાર વ્યક્તિની પસંદગી, નાપસંદગી અને મદદ કરવાની તેની ક્ષમતા પણ મહત્વના હોય છે. કોઈપણ વ્યક્તિ મોટેભાગે પોતાની ઈચ્છા, પોતાના ગમા-અણગમા અને પોતાની ક્ષમતા મુજબ અન્યને મદદ કરતી હોય છે. હા, એવું પણ, બની શકે કે મદદ કરનાર વ્યક્તિ પોતાની જ જીદ ને વળગી રહે તો કદાચ મદદ લેનાર વ્યક્તિને એ મદદ કઈજ ખપમાં ના આવે. આવા સંજોગોમાં મદદ કરનારના કોઈ જ હેતુ સિધ્ધ થતાં નથી અને ઊલટાનું પોતે નુકશાનમાં જાય છે.

મદદ લેનારની પણ પોતાની જરૂરિયાતો હોય, પોતાની પસંદગી-નાપસંદગી, પોતાના ગમા-અણગમા અને પોતાની ઈચ્છાઓ હોય છે. મદદ કરનાર અને મદદ માંગનાર કે મદદ લેનાર વચ્ચે ઘણીવાર વિરોધાભાસ સર્જાય છે. ગાંઠિયા ખવડાવવાની ઈચ્છા અને પેંડા ખાવાની ઈચ્છા, વિદ્યાર્થીને અભ્યાસ માટે પાઠ્યપુસ્તકોની મદદ કરવાની ઈચ્છા, અને શાળા કે હોસ્ટેલની ફી ભરવા માટેની વિદ્યાર્થીની જરૂરિયાત, વૃધ્ધ વ્યક્તિઓને યાત્રા કરાવવાની ઈચ્છા અને વૃધ્ધોની બીમારી માટે દવાઓની જરૂરિયાત. આ પ્રકારના વિરોધાભાસ સર્જાય છે ત્યારે ક્યારેક મદદ કરનારનું તો ક્યારેક મદદ લેનારનું પલ્લુ ભારે રહેતુ હોય છે.

મદદ લેનાર વ્યક્તિની જરૂરિયાતનું પણ ઘણું મહત્વ હોય છે. માત્ર તેની જ જરૂરિયાતો અને ઈચ્છાઓને ધ્યાનમાં લઈને મદદ કરવાની હોય તો શક્ય છે કે તે માટેની મદદ કરનારની ક્ષમતા ના હોય. આ સંજોગોમાં પણ મદદ કરનાર કે મદદ લેનારના હેતુઓ સિધ્ધ થતાં નથી.

મહત્વ બંને પક્ષનું છે. બંને પક્ષની ઈચ્છાઓ, જરૂરિયાતો, પસંદગી-નાપસંદગી અને ગમા-અણગમાને ધ્યાનમાં લઈને બંને વચ્ચે સંતુલન જળવાય તો મદદ લેનાર અને મદદ આપનાર બંનેના હેતુઓ સિધ્ધ થઈ શકે છે. આ સંજોગોમાં જરૂરી હોય છે. બંને તરફથી થોડી બાંધછોડ કરવાની, થોડું જતું કરવાની.

vamlani2000@yahoo.co.uk

ઍસઍસસીનું પરિણામ મે માસના અંત સુધીમાં

ગાંધીનગર, તા. ૧૯

ઍસઍસસી પરીક્ષાનું પરિણામ આગામી મે માસના અંત ભાગમાં આપી દેવામાં આવે એવા સંજોગો ઊભા થયા છે. ધો-૧૦ની ૫૮ લાખ ઉત્તરવહી તપાસવાની કામગીરી પૂર્ણ થઈ જતાં આ આશાવાદ વ્યક્ત કરાઈ રહ્યો છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવામાં આવેલી ધોરણ-૧૦ની પરીક્ષાની ઉત્તરવહી તપાસવાની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. હાલમાં બોર્ડ દ્વારા ઓએમઆરની ચકાસણી અને ડેટા એન્ટ્રીની કામગીરી ચાલી રહી છે. આગામી માસમાં આ તમામ કામગીરી પૂર્ણ થયા બાદ પરિણામ તૈયાર કરવાની કામગીરી હાથ ધરાશે. આ કારણે મે માસના અંત ભાગ સુધીમાં ધોરણ-૧૦નું પરિણામ જાહેર કરી દેવાય એવી શક્યતાઓ જોવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે શિક્ષણ બોર્ડ દ્વારા ૮ માર્ચથી ધોરણ-૧૦ની પરીક્ષા શરૂ કરવામાં આવી હતી. ૧૭ માર્ચે ધોરણ-૧૦ની પરીક્ષા પૂર્ણ થઈ હતી. પરીક્ષા પૂર્ણ થયાના બીજા જ દિવસથી બોર્ડ દ્વારા ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી શરૂ કરી દેવાઈ હતી. ધોરણ-૧૦ની પરીક્ષામાં સમગ્ર રાજ્યમાંથી ૧૦.૮૧ લાખ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ વિદ્યાર્થીઓની અંદાજે ૫૮ લાખ જેટલી ઉત્તરવહી મૂલ્યાંકન માટે સમગ્ર રાજ્યમાં ૧૧૫ મૂલ્યાંકન કેન્દ્રો બનાવાયા હતા અને ઉત્તરવહી મૂલ્યાંકન શરૂ કરવામાં આવ્યું હતું. આમ, ધોરણ-૧૦ની પરીક્ષા પૂર્ણ થયાને એક માસ જેટલો સમય થયા બાદ તાજેતરમાં ઉત્તરવહી મૂલ્યાંકનની તમામ કામગીરી પૂર્ણ થઈ ગઈ છે.

હાલમાં બોર્ડ દ્વારા ડેટા એન્ટ્રીની તથા ઈની ચકાસણીની કામગીરી શરૂ કરવામાં આવી છે, જે પણ ૭૦ ટકા જેટલી પૂર્ણ થઈ ચુકી છે. જેથી હવે સંભવત આગામી ૧૦ દિવસમાં આ કામગીરી પૂર્ણ થઈ જશે એવો અંદાજ બાંધવામાં આવી રહ્યો છે. આ કામગીરી પૂર્ણ થયા બાદ પરિણામ તૈયાર કરવાની અંતિમ તબક્કાની કામગીરી હાથ ધરવામાં આવશે અને મે માસના અંત સુધીમાં તમામ કામગીરી પૂર્ણ થઈ જાય એવો અંદાજ લગાવાઈ રહ્યો છે.